મે. હારીજના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,

ફોજદારી કેસ નંબર : ૧૧૮૪/૨૦૨૨

આંક :-

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી/ઓ : ઠાકોર રામાજી ગેલાજી.

ગુન્હો : ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ : ૬૬(૧)(બી),૮૫(૧) મુજબ.

-: ચુકાદો :-

(૧)... ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ : ૬૬(૧)(બી),૮૫(૧) મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨).. આજરોજ આરોપીને ધારણસર સમન્સની બજવણી થતાં તેઓ કોર્ટ રુબરુ હાજર થતાં તેઓને વિના મુલ્યે પોલિસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે. તેઓ આ ગુનો સ્વેચ્છાએ કબુલાત કરવા માંગે છે તેમ જણાવી તે અંગે કબુલાત પુરસીસ રજૂ કરતાં આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવલ છે. જેમાં આરોપીએ સ્વેચ્છાપુર્વક ગુનાની કબુલાત કરેલી છે, અને પોતાનો પ્રથમ ગુનો હોય અને ભવિષ્યમાં ગુનો કરશે નહી તેવી ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલી છે.

(૩)... આરોપીની સ્વેચ્છાપુર્વકની ગુનાની કબુલાત ધ્યાને લેતાં તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતાં આરોપીની આર્થિક અને સામાજિક સ્થિતિ ધ્યાને લેતાં અને દયાની માંગણી કરતા હોય આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતું હોય તથા નામદાર એપેલેટ કોર્ટના

પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને ધ્યાને રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-: હુકમ :-

આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૨ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ : ૬૬(૧)(બી),૮૫(૧) ના ગુનામાં તકસીરવાર ઠરાવી કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા રૂા. ૧૦૦/– અંકે રૂપીયા સો પુરાના દંડની સજા ફરમાવુ છું અને જો આરોપી દંડના ભરે તો આરોપીએ દિન – ૭ ની સાદી કેદની સજા ભાગવવાની રહેશે.

મુદદામાલનો નાશ કરવો અને જો મુદદામાલ હરાજી કરવાપાત્ર હોયતો હરાજી કરી ઉપજેલ રકમ શ્રી સરકાર ખાતે જમા કરવી. અને જો મુદદામાલ રોકડ રકમ હોય તો શ્રી સરકાર ખાતે જમા કરવી. આરોપીની જેલ મુકતીની યાદી કરવી.

ચુકાદો આજ રોજ તારીખ : ૨૯ માહે ડીસેમ્બર સને ૨૦૨૨ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૯/૧૨/૨૦૨૨.
મુ. હારીજ.

(અમિતકુમાર કેશવલાલ ડાભી)
પ્રિન્સીપાલ સીવીલ જજ
અને જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક, હારીજ.
કોડ. જીજે૦૧૨૮૦.